# રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની માંગણીઓ પરની ચર્ચા દરમ્યાન માન.મંત્રીશ્રીની બજેટ સ્પીચ.

## પ્રસ્તાવના:

માનનીય અધ્યક્ષશ્રી,

આજરોજ હું સન્માનિય ગૃહ સમક્ષ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના અંદાજપત્ર માટેના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ માટે માંગણી ક્રમાંક ૯૮ માટેની કુલ રૂપિયા ૬૦૦.૫૨/- કરોડની અંદાજપત્રીય જોગવાઇઓની માંગણી રજૂ કરૂ છું.

વર્ષ ૨૦૨૪-૨૫ માટેની માંગણીઓ ઉપરની ચર્ચા દરમિયાન સન્માનનીય સભાગૃહના માન.સભ્યશ્રીઓએ તેઓના મંતવ્યો રજુ કરેલ છે. માન.સભ્યશ્રીઓ દ્વારા કેટલાક મૌલિક સૂચનો,રજૂઆત કરેલ છે જેની નોંધ લીધી છે, અને જેઓએ આ ચર્ચામાં ભાગ લીધેલ છે તે તમામ સભ્યશ્રીઓનો હું આભાર વ્યકત કરૂ છું.

રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની જુદી જુદી કચેરીઓ, જેવી કે

- કમિશનર,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
- સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત
- સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી
- ગ્રંથાલય નિયામકની કચેરી

- પુરાતત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી
- અભિલેખાગાર નિયામકની કચેરી
- ભાષા નિયામકની કચેરી
- ગુજરાત સાહિત્ય અકાદમી
- ગુજરાત સંગીત નાટક અકાદમી
- ગુજરાત લલિતકલા અકાદમી વગેરે દ્વારા રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અંગેની વિવિધ કામગીરી કરવામાં આવે છે.

## રમતગમત

**માનનીય અધ્યક્ષશ્રી,**

રમત એ વ્યક્તિના જીવનને ઘડે છે. વ્યક્તિના બાહ્ય અને આંતર મનોજગતને વિકસાવવામાં રમતનો અનન્ય ફાળો છે. વ્યક્તિગત વિકાસની સાથે રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં પણ રમતોનું અનન્ય પ્રદાન રહેલું છે. રમતગમતનો સોફ્ટ પાવર, દેશની ઓળખ, દેશની છબીને વધુ ઉત્કૃષ્ટ બનાવે છે. કોઇપણ દેશની પ્રગતિનો અને દુનિયામાં તેના સન્માનનો સીધો સંબંધ રમતગમત ક્ષેત્રની સફળતા સાથે જોડાયેલો છે. દેશના યુવાનો જ રાષ્ટ્રનું સાચું નેતૃત્વ કરતા હોય છે, પછી એ રમતગમતનું ક્ષેત્ર હોય, સાંસ્કૃતિક ક્ષેત્ર હોય કે અન્ય કોઈ ક્ષેત્ર. રમતગમત એ યુવાનોની ઉર્જાનો મુખ્ય સ્રોત હોય છે.

રમતથી યુવાનોમાં ખેલદિલીની ભાવના વિકસે છે. એ જીત પર પણ હસી શકે છે અને હારને પણ પચાવી શકે છે.

જિંદગી જિંદાદીલીનું બીજું નામ છે એ વાત સ્પોર્ટ્સ આપણને શીખવે છે. એટલે જ કોઈ સ્પોર્ટ્સમેન ક્યારેય આત્મહત્યા નથી કરતો. એ જિંદગીના સંઘર્ષને જાણે છે અને માણે છે. ગુજરાતમાં એક વાઈબ્રન્ટ સ્પોર્ટ્સ કલ્ચર વિકસિત થાય અને ગુજરાતનો યુવાન તન, મન અને જીવનની સમૃદ્ધિને માણી શકે તે માટે આ વિભાગ સતત પ્રયાસરત છે.

ગુજરાત રાજ્યમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક ક્ષેત્રે કૌશલ્યવાન પ્રતિભાઓને પ્રોત્સાહન અને યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તે હેતુથી આ વિભાગ સતત

કાર્યશીલ રહે છે. સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓને તાલીમ અને સંસાધનો પુરા પાડવામાં આવે છે. યુવા રમતવીરોની પ્રતિભાનો દેશ અને દુનિયાને પરિચય થાય તે માટે વિભાગ દ્વારા વૈવિધ્યપૂર્ણ યોજનાઓનો સફળતાપૂર્વક અમલ કરવામાં આવી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી,

પહેલાના સમયમાં રમતગમત ક્ષેત્રે મેડલની વાત કરીએ તો ઝીરો, એક, બે વધુમાં વધુ ત્રણ એવા મેડલ મળતા. મેડલનો આંકડો ક્યારેય ડબલ ડીજીટમાં પહોચ્યો નહોતો. પરંતુ આપણા વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે મંત્ર આપ્યો, "રમશે ગુજરાત, જીતશે ગુજરાત". રમતગમત ક્ષેત્રે એક નવું કલ્ચર ઉભું કરવાના ધ્યેય સાથે તેમણે ખેલમહાકુંભ, સ્વર્ણિમ ગુજરાત સ્પોટ્ર્સ યુનિવર્સિટી, ડીએલએસએસ જેવા મહત્વના પ્રકલ્પો શરૂ કર્યા. માનનીય પ્રધાનમંત્રીજીએ તે સમયે લીધેલ સંકલ્પ આજે સિદ્ધિમાં પરિણમ્યો છે.

છેલ્લા ૨ વર્ષમાં રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધાઓમાં રાજયના ખેલાડીઓએ વ્યક્તિગત અને ટીમ સ્પર્ધાઓમાં ૨૨૬ ગોલ્ડ, ૧૮૮ સિલ્વર અને ૨૨૩ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૬૩૭ મેડલ મેળવેલ છે. જ્યારે આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ૨૩ ખેલાડીઓએ ૩૯ ગોલ્ડ, ૪૧ સિલ્વર અને ૪૯ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૧૨૯ મેડલ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઘોષણા અનુસાર આગામી વર્ષોમાં વિશ્વની સૌથી મોટી સ્પોર્ટસ મેગા ઈવેન્ટ ઓલિમ્પિક ગેમ્સના આયોજનની યજમાની કરી શકે તેવા શુભ સંકલ્પને સાકાર કરવાની દિશામાં ગુજરાત

રાજ્ય દ્વારા આ અંગેની પૂર્વ તૈયારીના ભાગરૂપે પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશીપ દ્વારા સ્પોટ્ર્સ ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરવાની દિશામાં સુનિયોજીત, સમયબધ્ધ,વ્યુહાત્મક આયોજન અને વ્યવસ્થાપનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના પરિણામ રૂપે રાજ્ય સરકાર દ્વારા અત્તિહાસિક સમયગાળામાં ૩૬મી નેશનલ ગેમ્સ નું આયોજન ૧૦૦ દિવસ થી પણ ઓછા સમયગાળામાં કરીને સમગ્ર દેશને નેશનલ ગેમ્સ નું એક નવું મોડલ આપ્યું હતું. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા આવનારા દિવસોમાં એથ્લેટીક્સ રમતમાં એશિયાની સૌથી મોટી ટેલેન્ટ સર્ચ પ્રોગ્રામ - નેશનલ ઈન્ટર ડીસ્ટ્રીકટ જુનીયર એથ્લેટિક મીટ નું આયોજન પણ અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે.

ગુજરાતના યુવાનોને વૈજ્ઞાનિક રીતે તાલીમ આપવામાં આવે છે. અમે તેમને મોટીવેશન આપીએ છીએ. પહેલા ગુજરાતના ખેલાડીઓની ઉપેક્ષા થતી. બીજા રાજ્યના કે બીજા દેશના ખેલાડીઓ કહેતા કે આ ‘દાળભાતીયા’ ગુજરાતીઓ શું રમી શકવાના? પરંતુ આજે પરિણામ આપણી સામે છે. ગુજરાતનો ખેલાડી અનન્ય જુસ્સા અને આત્મવિશ્વાસ સાથે રમે છે અને જીતે પણ છે. ગુજરાતના જે ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું નામ રોશન કર્યું છે તેમના માટે મારે કહેવું છે કે:

ઝરણું કહે પહાડને તાણી બતાવશું

સંઘર્ષ કેવો હોય તે જાણી બતાવશું

ડૂબી જવાની વાતને ડૂબાડીશું અમે

પાણીમાં રહી પાણીને પાણી બતાવશું.

# **સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત**

માનનીય અધ્યક્ષશ્રી,

ચાલુ વર્ષે રાજય સરકારે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના માધ્યમથી વિવિધ યોજનાઓ માટે વર્ષ ૨૦૨૪-૨૫માં **રૂ.૩૫૨.૧૪ કરોડની** અંદાજપત્રિય જોગવાઈ સૂચવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતે ગુજરાતમાં રમતગમતના વિકાસ માટે તથા ગુજરાતના બાળકો, યુવાનો રમતગમત પ્રત્યે સભાન બને અને શાળાકક્ષાએથી ખેલાડીઓની પ્રતિભા શોધ કરી છેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધિ મેળવે તે માટેનું એક સિસ્ટમીક માળખુ વિકસાવેલ છે તે માટે તબક્કાવાર ખેલાડીને

- ખેલમહાકુંભ
- ઇન સ્કુલ યોજના
- ડિસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કુલ (DLSS)
- સ્વામિ વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન કેન્દ્રમાં તાલીમ મળે છે.

  સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી અને હાઇ પરફોર્મન્સ સેન્ટર જેવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવી સુવિધા મળે છે.

  તથા આ ઉપરાંત શક્તિદૂત જેવી યોજનાઓથી નાણાકીય લાભ આપવામાં આવે છે.

## ખેલ મહાકુંભ

માન.અધ્યક્ષશ્રી,

ગુજરાત રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા

- વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવી.
- માનનીય નરેન્દ્રભાઈ એ સૂત્ર આપ્યું ‘રમશે ગુજરાત, જીતશે ગુજરાત’

આ સૂત્ર હવે સાકાર થયું છે.

| વર્ષ | ખેલાડીઓની સંખ્યા | કુલ રમતો |
|---|---|---|
| ૨૦૧૦ | ૧૩ લાખ | ૩૬ |
| ૨૦૨૩ | ૫૫ લાખ | ૩૬ રમત સાથે ૨૬ પેરા રમત |
| ૨૦૨૪ | આશરે ૬૬ લાખ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરેલ છે. | |

આ આંકડો જ આ યોજનાનું અને ગુજરાત સરકારનું સામર્થ્ય દર્શાવે છે. ખેલ મહાકુંભને શરુ થયે ૧૪ વર્ષ થયા છે. બદલાતા યુગની સાથે પરિવર્તન કરીને અમે ખેલ મહાકુંભની સંવર્ધિત આવૃત્તિ ખેલ મહાકુંભ ૨. ૦ નો પ્રારંભ કર્યો છે.

## ખેલ મહાકુંભ ૨.૦ની નવી વિશિષ્ટતા

- ખેલ મહાકુંભ ૨.૦ માં ૪ નવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો.
- કોઈપણ ખેલાડી બે રમતમાં ભાગ લઈ શકે છે.

- જે તે કક્ષાએ દરેક વયજુથમાં વિજેતા ખેલાડીઓને આપવામાં આવતી રોકડ-પુરસ્કારની રકમ સમાન કરવામાં આવી.
- સૌપ્રથમ વખત તાલુકાકક્ષાએ પણ વિજેતા ખેલાડીઓને રોકડ-પુરસ્કાર આપવામાં આવશે.
- દિવ્યાંગ ખેલાડીઓ માટે પણ સ્પે. ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે.

આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ રૂપિયા ૭૮.૫૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે .

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ યોજના થકી આગામી દિવસોમાં અંદાજીત ૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓનો તાલુકા કક્ષાએ ટેસ્ટ લઇ પ્રતિભાશાળી ખેલાડીઓની ઓળખ કરવામાં આવશે. આમ, તાલુકા કક્ષાથી લઈને રાજ્ય કક્ષા સુધી વિવિધ પ્રકારના સાયન્ટીફીક ફિટનેસ ટેસ્ટ થકી પસંદગી થયેલ અંદાજીત ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને લોર્ગ ટર્મ એથ્લેટીકસ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત નિષ્ણાત કોચીઝ દ્વારા ઘનિષ્ઠ તાલીમ પણ આપવામાં આવશે.

## ઇન સ્કુલ યોજના

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજયમાં રમતગમતના વિકાસ માટે શાળા કક્ષાએથી રમતનો વ્યાપ વધે તે માટે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને શિક્ષણ સાથે રમતગમતની તાલીમ આપવામાં આવે તો રાજયમાં રમતગમતનું સ્તર ઉચું આવે તેવા ઉમદા હેતુસર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા શિક્ષણ સાથે રમતના સમન્વય યોજના અંતર્ગત રાજયની ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ શાળાઓમાં ''ઇન સ્કુલ'' પ્રોગ્રામ વર્ષ ૨૦૧૪-૧૫ થી કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત ધોરણ-૧ થી ધોરણ-૮ના ખેલાડીઓને મોટર એબીલીટી અને સ્કીલ ડેવલોપ કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. ત્યારબાદ વય પ્રમાણે મલ્ટી સ્પોર્ટસ એકસ્પોઝર આપવામાં આવે છે. આ શાળાઓ જીલ્લા સ્પોર્ટસ સ્કુલ માટેની નર્સરી તરીકે કામ કરે છે.

ઇનસ્કુલ યોજનામાંથી ટેલેન્ટ આઇડેન્ટીફીકેશન કરી ડી.એલ.એસ.એસ. યોજનામાં પ્રવેશ આપવામાં આવે છે.આ યોજના અંતર્ગત રાજયના 33 જીલ્લાઓમાં ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૨૩૧ શાળાઓ કાર્યરત છે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા નિયુકત કરવામાં વિવિધ ટી.એસ.પી. એજન્સીઓ દ્વારા સંપૂર્ણ આયોજન કરવામાં આવે છે. પસંદ થયેલ શાળાઓમાં વિવિધ રમતના કુલ ૪૩૨ ટ્રેનરો દ્વારા ૧,૨૦,૯૬૦ ખેલાડીઓને તાલીમ આપવામાં આવે છે.

| નાણાકીય વર્ષ | ટ્રેનરની સંખ્યા | તાલીમ લેનાર ખેલાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૨૦૨૩-૨૪ | ૪૩૨ | ૧,૨૦,૯૬૦ |

આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ રૂપિયા ૮.૭૧ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

# જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ(DLSS)

માન.અધ્યક્ષશ્રી,

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા અમલમાં મુકાયેલ શિક્ષણ સાથે રમતના સમન્વય સાથેની મહત્વાકાંક્ષી યોજના "જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ" અંતર્ગત રાજ્યના યુવા/કિશોર ખેલ પ્રતિભાની કારકીર્દી માટે રમતની સાથે સાથે જરૂરી અભ્યાસ/શિક્ષણની પણ કાળજી લેવાય તે હેતુસર ખેલ પ્રશિક્ષણ અને શાળાકીય શિક્ષણના બેવડા ધ્યેયને ચરિતાર્થ કરવા વર્ષ ૨૦૧૪-૧૫થી એક સંયોજીત યોજના જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના શરૂ કરવામાં આવેલ છે.

✓ યોજનાના લાભો

1. વિનામૂલ્યે શિક્ષણ
2. નિવાસ ભોજન
3. શાળાનો ગણવેશ
4. રમતના સાધનો
5. વૈથાનિક ઢબે તાલીમ
6. માસિક સ્ટાઇપેન્ડ

✓ આંકડાકીય માહિતી

| | |
|---|---|
| પ્રતિ ખેલાડી | રૂ. ૧.૬૮ લાખ પ્રતિ વર્ષ ખર્ચ |
| 30 જિલ્લામાં | ૪૦ સ્પોર્ટસ સ્કૂલ |
| ખેલાડી લાભ લઇ રહ્યા છે | ૪૮૭૪ ખેલાડી |
| કોચ અને ટ્રેનર | ૧૪૭ કોચ અને ૧૭૩ ટ્રેનર |
| યોગની તાલીમ માટે ટ્રેનર અને ફિઝીયોથેરાપીસ્ટ | ૨૧ યોગ ટ્રેનર અને ૨૫ ફિઝીયોથેરાપીસ્ટ |

✓ વર્ષ ૨૦૨૩-૨૪માં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ખેલાડીઓનો પરફોર્મન્સ

| | |
|---|---|
| ભાગ લીધેલ કુલ ખેલાડી | ૫૭૮ |
| ગોલ્ડ મેડલ વિજેતા | ૧૦ |
| સિલ્વર મેડલ વિજેતા | ૧૪ |
| બ્રોન્ઝ મેડલ વિજેતા | ૨૩ |
| કુલ મેડલ | ૪૭ |

✓ વર્ષ ૨૦૨૩-૨૪ની આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ખેલાડીઓનો પરફોર્મન્સ

| | |
|---|---|
| ભાગ લીધેલ કુલ ખેલાડી | ૬ |
| સિલ્વર મેડલ વિજેતા | ૧ |

✓ વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ.૪૭.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

**ટાર્ગેટ:-**

અત્યાર સુધી આ યોજના શાળા કક્ષા સુધી જ અમલમાં હતી. બાળકોની સાથે સાથે યુવાનોમાં પણ તેઓમાં રહેલી ક્ષમતા ઉજાગર થાય તે હેતુથી આગામી નાણાકીય વર્ષથી હવે જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલની જેમ જ

- જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ (DLSC) શરૂ કરવા માટે જઈ રહ્યા છીએ.
- આ કોલેજોથી વિદ્યાર્થીઓ પોતાની પસંદગીની રમતોના ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરી રમતગમતના ક્ષેત્રે કારકિર્દી બનાવી શકશે.
- આ યોજના માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૧.૭૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવી છે.

## સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધક કેન્દ્ર (રેસીડેન્સીયલ એકેડમી યોજના)

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજ્ય સરકાર ખલાડીની માત્ર તાલીમ જ નહિ પરંતુ તેમના પરફોર્મન્સના તમામ પાસાઓ જેવાકે પોષણ યુક્ત આહાર , નિવાસ, અભ્યાસ, ટ્રેનીંગ અને ટુર્નામેન્ટ એક્સ્પોઝર, સ્ટાયપન્ડ, સ્પોટ્ર્સ કીટ, સાધનો, મેડીકલ ખર્ચ પુરા પાડવામાં આવે છે.
- ખેલાડીઓને તાલીમ દરમ્યાન થતી ઈજાઓ અટકાવવા અને થયેલ ઈજાઓના તાત્કાલીક નિવારણ અને માવજત માટે સ્પોટ્ર્સ ફિજીયોથેરાપિસ્ટ, સ્પોટ્ર્સ મસાઝર, સ્ટ્રેંથ એંડ કંડિશનિંગ ટ્રેનર તેમજ પોષણયુક્ત ભોજન માટે ન્યુટ્રીશનીસ્ટ મળીને કુલ- ૪૬ સભ્યોની સ્પોટ્ર્સ સાયન્સ ટીમ સતત વિવિધ એકેડમીમાં કાર્યરત છે.
- આ યોજના અંતર્ગત પ્રતિ ખેલાડી પ્રતિ વર્ષ રૂ. 3.00 લાખ ખેલાડી પાછળ ખર્ચ કરવામાં આવે છે. રાજ્યના ૧૦ જીલ્લાઓમાં ૧૬ રમતોની કુલ- ૨૬ રાજ્યકક્ષા નિવાસી અને બિન-નિવાસી એકેડમી કાર્યરત છે.જેમાં ૪૩૪ ભાઇઓ અને ૩૧૮ બહેનો મલી કુલ- ૭૫૨ ખેલાડીઓની પસંદગી કરવામાં આવેલ છે અને તેઓને ખ્યાતનામ નેશનલ તથા ફોરેન એક્સ્પર્ટ કોચીઝના માર્ગદર્શન હેઠળની તાલીમ આપવામાં આવી રહી છે.
- આંકડાકીય માહિતી:-
    - કુલ ૧૦ જિલ્લામાં ૧૬ રમતોની કુલ ૨૬ એકેડેમી કાર્યરત છે.
    - ૪૩૪ ભાઇઓ અને ૩૧૮ બહેનો મળી કુલ ૭૫૨ ખેલાડીઓ તાલીમ લઇ રહ્યાં છે.
    - પ્રત્યેક ખેલાડી માટે પ્રતિ વર્ષ રૂ.3/- લાખનો ખર્ચ કરવામાં આવે છે.

## **સ્વામી વિવેકાનંદ બિન-નિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્ર (સી.ઓ.ઇ) યોજના**

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ યોજના અંતર્ગત ખેલાડીઓને સ્ટાયપન્ડ, સ્પેશ્યલ પૌષ્ટિક આહાર ભથ્થું, તાલીમ માટે આવવા જવાનો ખર્ચ, સ્પર્ધા પ્રવાસ ખર્ચ, મેડીકલ ખર્ચ તેમજ સ્પોર્ટ્સ કીટ વિગેરેનો વાર્ષિક લાભ પુરો પાડવામાં આવે છે.

- આંકડાકીય માહિતી:-

| |
|---|
| • કુલ ૩૧ જિલ્લામાં ૨૨ રમતો માટે આ યોજના કાર્યરત છે.<br>• ૪૬૫ ભાઇઓ અને ૫૧૩ બહેનો મળી કુલ ૯૭૮ ખેલાડીઓ તાલીમ લઇ રહ્યાં છે.<br>• પ્રત્યેક ખેલાડી માટે પ્રતિ વર્ષ રૂ.૬૫,૦૦૦/- ખર્ચ કરવામાં આવે છે. |

આ સ્વામી વિવેકાનંદ નિવાસી અને બિન નિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્ર યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ રૂપિયા ૮ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

# **સ્પોટ્ર્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર**

**માનનીય અધ્યક્ષશ્રી,**

હજારો વર્ષોથી રમતો એ ભારતની સભ્યતા અને સંસ્કૃતિનો એક હિસ્સો રહી છે. રમતગમત એ આપણો વારસો છે અને આપણી વિકાસ યાત્રાનો એક હિસ્સો છે. આ અમૃતકાળમાં, દેશ પોતાના વારસાના ગૌરવ સાથે આ પરંપરાને ફરી સજીવન કરી રહ્યો છે. દરેક ક્ષેત્રમાં દેશની કાયાપલટ થઇ રહી છે ત્યારે રમતગમતનું ક્ષેત્ર પણ તેમાંથી બાકાત કેમ રહી જાય! અમે કટિબદ્ધ છીએ વૈશ્વિક સ્તરના સ્પોટ્ર્સ ઇન્ફ્રાસ્ટ્રકચરના નિર્માણ માટે, અમે કાર્યરત છીએ ગ્રામ્ય, તાલુકા અને નગર કક્ષા સુધી સ્પોટ્ર્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડી ગ્રામીણ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે, અમે પ્રતિબદ્ધ છીએ ગુજરાતના પ્રત્યેક ખેલાડીના સર્વસમાવેશી અને સર્વાંગી વિકાસ માટે.. આ સંકલ્પોને સાકાર કરવાની શૃંખલામાં

- ૧૧ જિલ્લામાં નૂતન આધુનિક સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે.
- હાલમાં ૧૯ જિલ્લાઓમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ કાર્યરત છે.

જિલ્લા તથા તાલુકા કક્ષાએ રમત સંકુલોનું નિર્માણ, જરૂરી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તથા હાઈ પરફોર્મન્સ સેન્ટર બનાવવા બાબતની કામગીરીનું આયોજન કરેલ છે. ખેલાડીઓને વિવિધ સ્પર્ધાઓ અને કેમ્પ દરમિયાન નિવાસની સુવિધા મળી રહે તે માટે

- ૧૬ અદ્યતન સ્પોર્ટસ હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવેલ છે.

- વ્યારા તથા વડનગર રમતગમત સંકુલ ખાતે અદ્યતન સ્પોર્ટસ હોસ્ટેલ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

ટાર્ગેટ:-

(૧) આવનારા સમયમાં પેરા એથ્લીટ્સને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધા પૂરી પાડવાના હેતુસર દેશના પ્રથમ મલ્ટી સ્પોર્ટ્સ **પેરા હાઈ-પર્ફોર્મન્સ સેન્ટર**ના નિર્માણનું આયોજન કરેલ છે. જેના માટે આગામી નાણાકીય વર્ષમાં રૂ.૧૧.૦૦ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

(૨) સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રકચરની ઉપરોક્ત કામગીરીની સાથો સાથ ગૃહ વિભાગ હસ્તકના ઇન્ડોર તથા આઉટડોર મેદાનોની મરામત અને અપગ્રેડેશન કરવાના આયોજન કરવામાં આવનાર છે .

# <u>સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી</u>

**માનનીય અધ્યક્ષશ્રી**

આપણા દીર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રીકાળ દરમિયાન વિચાર્યું હતું કે આગામી સમયમાં સ્પોર્ટ્સના વિવિધ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા આંતરરાષ્ટ્રીય સ્તરની તાલીમ સંસ્થાઓ જોઇશે. સ્પોર્ટસ ઉત્સાહીઓ અને વ્યાવસાયિકોનાં સર્વગ્રાહી વિકાસની ખાતરી માટે, રાજ્ય સરકાર દ્વારા **'સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી'**નું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૨ના રોજ કરવામાં આવેલ.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ડેસર તાલુકા સેવા સદનની સામે, વાલાવાવ ચોકડી પાસે, મુ. તા. ડેસર જી. વડોદરા ખાતે કાર્યરત છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો વ્યાપ સમગ્ર ગુજરાત રાજ્ય છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી એ ભારતની બીજા ક્રમની અને ગુજરાત રાજ્યની પ્રથમ રમતગમત ક્ષેત્રે શૈક્ષણિક ડિગ્રી અને ખેલાડીઓને તૈયાર કરી તેમની ઉજવળ કારકીર્દીનો રોડમેપ તૈયાર કરનાર એકમાત્ર યુનિવર્સિટી છે.

- સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે સ્ટેટ ઓફ ધી આર્ટ સંકુલની ફેસિલિટી માટે સરકારશ્રી દ્વારા અગાઉના બજેટ દ્વારા કુલ રૂ.૧૦૮ કરોડ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

- **સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે ૧૩૦ એકરમાં**
    - અત્યાધુનિક વહીવટી ભવન
    - ઓલિમ્પિક્સ કક્ષાનો સિન્થેટિક એથ્લેટિક ટ્રેક
    - ભારતનો સૌથી મોટો મલ્ટીપર્પઝ ઇન્ડોર હોલ
    - ઓલિમ્પિક્સ કક્ષાનો સ્વિમિંગ પુલ
    - વિવિધ રમતો માટે પ્રેક્ટિસ ગ્રાઉન્ડ
    - સ્માર્ટ ક્લાસરૂમ
    - ઈ-લાયબ્રેરી
    - આધુનિક જીમ
    - અગ્નીવીર તાલીમ કેન્દ્ર
    - ઓપન જીમ
    - ઓપેન લાયબ્રેરી
    - ૫૦૦ વ્યક્તિની બેઠક ક્ષમતા વાળું અત્યાધુનિક ઓડીટોરીયમ,
    - ભારતીય પરંપરા રમતોના મેદાનો, અખાડા વગેરે વિવિધ માળખાકીય સુવિધાઓ તથા
    - ૫૦૦ જેટલા વિધાર્થીઓ માટે આધુનિક સવલતો વાળી ૦૨ હોસ્ટેલની સુવિધાઓ ઉપલબ્ધ છે.
- હાલમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ડેસર ખાતે સંપૂર્ણ સુવિધાસજ્જ બે હોસ્ટેલ પૂર્ણ પણે કાર્યરત થયેલ છે. હાલ બોય્સ હોસ્ટેલમાં ૩૫૦ વિદ્યાર્થી તથા

ગર્લ્સ હોસ્ટેલમાં ૧૫૦ કરતાં વધુ વિદ્યાર્થીનીઓ તથા અન્ય એફિલિએટેડ કોલેજમાં ૧૧૦૦ થી વધારે વિદ્યાર્થી અભ્યાસ કરે છે.

આ યુનિવર્સિટીમાં વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમો દ્વારા શિક્ષણ તથા સંશોધન કાર્યના માધ્યમથી વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતરમાં ઉજ્જ્વળ તકો પૂરી પાડવામાં આવે છે.

**<u>છેલ્લા એક વર્ષમાં,</u>**

- વર્ષ ૨૨-૨૩માં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ૫૧૩ વિદ્યાર્થીઓ એ રાષ્ટ્રીય કક્ષાની વિવિધ ૫૮ રમતોમાં ભાગ લીધેલો હતો. જેમાં વેસ્ટઝોન / ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી / ઓલ ઇન્ડિયા યુનિવર્સિટી રમતોમાં કુલ ૧૫ મેડલ પ્રાપ્ત કરેલ છે જે પૈકી ૩ ટીમ રમતોમાં ૩૬ વિદ્યાર્થી અને વ્યક્તિગત રમતોમાં ૧૨ વિદ્યાર્થીઓ એ મેડલ પ્રાપ્ત કરેલ છે.
- યુનિવર્સિટીના ૧૦ થી વધારે વિદ્યાર્થીઓએ જુનિયર રીસર્ચ ફેલોશીપની રાષ્ટ્રીય કક્ષાની એકેડેમિક સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે.
- ચાલુ વર્ષે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ૪૭૦ વિદ્યાર્થીઓ એ રાષ્ટ્રીય કક્ષાની વિવિધ ૫૩ રમતોમાં ભાગ લીધેલો હતો. જેમાં વેસ્ટઝોન / ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી / ઓલ ઇન્ડિયા યુનિવર્સિટી રમતોમાં કુલ ૧૭ મેડલ પ્રાપ્ત કરેલ છે જે પૈકી ૧ ટીમ રમતોમાં ૧૨ વિદ્યાર્થીઓ અને ૪ વ્યક્તિગત રમતોમાં ૧૬ વિદ્યાર્થીઓ એ મેડલ પ્રાપ્ત કરેલ છે.

**અત્યાર સુધીમાં**

- સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા ૨૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓને આધુનિક-શૈક્ષણિક સુવિધાઓ સાથે સ્પોર્ટ્સ એજ્યુકેશન આપવામાં આવેલ છે.
- યુનિવર્સિટીના ૯૧૭ વિદ્યાથીઓને ડિગ્રી એનાયત કરવામાં આવેલ છે તેમજ PhDના ૧૭ વિદ્યાથીઓને ડિગ્રી એનાયત કરવામાં આવેલ છે.

**ટાર્ગેટ:**

- સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીને સ્પોર્ટ્સ એજ્યુકેશન, ટ્રેનીંગ અને સ્પોર્ટ્સ મેનેજમેન્ટ ક્ષેત્રે નવી ઊંચાઈએ લઈ જવા માટે ફેઝ-૨ માં એસ્ટ્રોટર્ફ ફૂટબોલ, એસ્ટ્રોટર્ફ હોકી પેવેલિયન તેમજ કેમ્પસ ડેવલોપમેન્ટ કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.
- સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના અગામી કોન્વોકેશનમાં ૬૫૦ જેટલા વિદ્યાથીઓને ડિગ્રી અને વિશેષ સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાથીઓને મેડલ એનાયત કરવામાં આવશે.
- સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના પાંચ અલગ-અલગ સેન્ટર ઓફ એક્ષલન્સની સ્થાપના કરવામાં આવશે.

## શક્તિદૂત યોજના

**માનનીય અધ્યક્ષશ્રી,**

શકિતદૂત યોજના ગુજરાતનાં પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વધુ સારૂં પરિણામ લાવી શકે અને તે માટે તેઓની તાલીમ, સ્પર્ધા અને રમત ગમતની અન્ય સુવિધાઓમાં કોઇપણ પ્રકારની નાણાંકીય બાબત અવરોધ ન બને તે હેતુથી રાજય સરકાર શકિતદૂત યોજના ૨.૦નું અમલીકરણ કરવા જઇ રહ્યુ છે. શકિતદૂત યોજના ૨.૦ થકી રાજયનાં દિવ્યાંગ ખેલાડીઓને આ યોજનાનો લાભ આપવામાં આવનાર છે. ત્યારે મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે ગત વર્ષે યોજાયેલ એશિયન ગેમ્સમાં પસંદગી પામેલ ૨૭ ખેલાડીઓ પોતાની તાલીમ અને અન્ય તૈયારીઓ વધુ સારી રીતે કરી શકે તે માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી ધ્વારા તત્કાલ પ્રતિ ખેલાડી રૂા.૫.૦૦ લાખની સહાય કરવામાં આવી.

આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ રૂપિયા ૧.૮૬ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે

## ખેલ પ્રતિભા પુરસ્કાર

ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના અંતર્ગત રાજ્યના રાષ્ટ્રીય અને આંતરરાસ્ટ્રીય કક્ષાએ વિજેતા બનેલ ૯ દિવ્યાંગ ખેલાડીઓ સહિત ૪૪ ખેલાડીઓને રૂ.૧,૩૪,૯૦,૦૦૦/-ના રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા.

# નિવૃત રમતવીરોને પેન્શન યોજના

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને આ ગુહ ને જણાવતા આનંદ થાય છે કે રાજ્ય સરકાર માત્ર ખેલાડીની ચિંતા તેની કારકિર્દી સુધી જ નથી કરતો પરંતુ તેના સમગ્ર જીવન દરમ્યાન તે સ્પોટ્ર્સ સાથે જોડાયેલો રહે તેવા હેતુ પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે અને તેવા જ એક પ્રયાસના ભાગરૂપે રાજ્યના નેશનલ રમેલા રમતવીરોને તેનું જીવન નિર્વાહ ચાલવા માટે અને તેણે જે રમતના ક્ષેત્રમાં મહારથ મેળવી છે તેનો લાભ રાજ્યના જ ખેલાડીઓને મળી રહે તે હેતુથી ખેલે ગુજરાત ડીસ્ટ્રીકટ સેન્ટર ની યોજના અમલમાં મુકવામાં આવેલ છે જેમાં પાસ્ટ ચેમ્પિયન ખેલાડીની કોચ તરીકે સેવા લઈને માસિક ૨૫ હાજર રૂપિયા આપવામાં આવશે. હાલમાં ભારત સરકારની આવીજ સ્કીમમાં રાજ્યના ૨૯ જિલ્લાઓમાં જીલ્લા દીઠ એક ખેલો ઇન્ડિયા ડીસ્ટ્રીકટ સેન્ટર કાર્યરત છે. ખેલે ગુજરાત ડીસ્ટ્રીકટ સેન્ટર યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ રૂપિયા ૩ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે

આ ઉપરાંત રાજ્ય સરકાર રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધેલા ૫૦ વર્ષથી ઉપરની વયના નિવૃત રમતવીરોને માસિક રૂપિયા ૩ હજાર પેન્શન આપે છે અને તેમાં હાલ રાજ્યના વિવિધ જીલાઓમાં ૧૫૮ નિવૃત રમતવીરો પેન્શન લઈ રહ્યા છે.

## સક્સેસ સ્ટોરી

### ભાગોરા ભાર્ગવી ઇન્ટરનેશનલ આર્ચરી ખેલાડી

### હાઇ પર્ફોર્મન્સ સેન્ટર, નડીયાદ જી- ખેડા

- અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના વાઘપુર ગામની વતની, અંતરિયાળ આદિવાસી વિસ્તારમાંથી આવેલ તથા શરૂઆતના દિવસોમાં સંઘર્ષ વેઠી આગળ વધેલ કુ.ભાર્ગવી ભાગોરા રાજ્ય સરકાર દ્વારા કાર્યરત સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધક કેંદ્ર યોજના હેઠળ કાર્યરત નિવાસી એકેડેમીની ખેલાડી છે. આ ખેલાડી હાલ નડીયાદ ખાતે કાર્યરત હાઇ પર્ફોર્મન્સ સેન્ટર ખાતેની આર્ચરી એકેડેમીમાં વર્ષ ૨૦૧૭ થી તાલીમ લઈ રહી છે.
- આદિવાસી વિસ્તારમાંથી આવતી કુ.ભાર્ગવી ભાગોરાએ વર્ષ ૨૦૨૩-૨૪માં આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા એશિયા કપ, સિંગાપોર ખાતે તથા વર્લ્ડ ચેમ્પીયનશીપ, આયરલેન્ડ ખાતે ભાગ લઈને રાજ્ય તથા દેશનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત તેણીએ રાષ્ટ્રકક્ષાએ વિવિધ સ્પર્ધામાં ૧૦ મેડલ મેળવ્યા છે.
- ઓલમ્પિકમાં ભાગ લેવા જવા માટેની પ્રબળ દાવેદાર કુ.ભાર્ગવી ભગોરાની ઓલમ્પિક માટે 1st Phase માં પસંદગી થયેલ છે.
- કુ.ભાર્ગવી ભગોરા ગુજરાત સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવા જવા માટે ખાસ કિસ્સામાં રૂ. ૩,૬૯,૩૦૦/- ના સાધનની સહાય રાજ્ય સરકાર ધ્વારા આપવામાં આવેલ છે.

## સક્સેસ સ્ટોરી

## પટેલ ભવિકા ઇન્ટરનેશનલ કુસ્તી ખેલાડી

## હાઇ પર્ફોર્મન્સ સેન્ટર, નડીયાદ જી- ખેડા

- કુ.ભાવિકા પટેલ રાજ્ય સરકાર દ્વારા કાર્યરત સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધક કેંદ્ર યોજના હેઠળ જી.ખેડા(નડિયાદ) ખાતે કાર્યરત કુસ્તી રમતની એકેડેમીના ખેલાડી છે. જેઓ છેલ્લા ૫ વર્ષથી એકેડમી ખાતે તાલીમ લઈ રહ્યા છે.
- કુ.ભાવિકા પટેલએ જી.ખેડા(નડીયાદ) ખાતે કુસ્તી એકેડેમીમાં તાલીમ મેળવી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લઇ કુલ ૧૧ મેડલ મેળવેલ છે.
- કુ.ભાવિકા પટેલના પિતા કે જેઓ કુસ્તી રમતના પહેલવાન રહી ચુક્યા છે. જેઓની પ્રેરણા લઈ કુ.ભાવિકા આજે ખુબ સારી કુસ્તી રમતની ખેલાડી બની શકી છે.
- કુ.ભાવિકા પટેલએ વર્ષ ૨૦૨૨-૨૩ આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા સિનિયર રેંકીગ કુસ્તી ચેમ્પિયનશીપ, બલ્ગેરીયા ખાતે ભાગ લઈને રાજ્ય તથા દેશનું ગૌરવ વધાર્યું છે.
- આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધા બાદ કુ.ભાવિકાને ઘુંટણમાં ઇજા થયેલ જેના કારણે વર્ષ ૨૦૨૨-૨૩માં અન્ય સ્પર્ધાઓમાં ભાગ લેવા અસમર્થ રહી હતી.
- આ ઈજાના સમયગાળા દરમ્યાન પણ રાજ્ય સરકાર દ્વારા ખેલાડીની કાળજી લેવામાં આવી હતી, કારણકે ઘણાં ખેલાડીઓ ઇજા થયા બાદ રમત રમવાની

છોડી દેતા હોય છે. પરંતુ કુ.ભાવિકાને રાજ્ય સરકાર દ્વારા ચાલતા હાઇ પર્ફોર્મન્સ સેન્ટરના રીહેબ સેન્ટરનો લાભ મળ્યો જેના પરીણામ સ્વરૂપ તાજેતરમાં જ ગોવા ખાતે આયોજીત ૩૭મી નેશનલ ગેમ્સમાં કુસ્તી રમતમાં બ્રોન્ઝ મેડલ તથા પુના ખાતે આયોજીત સિનિયર નેશનલ કુસ્તી ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ લાવી શકી.

# NIDJAM

**માનનીય અધ્યક્ષશ્રી,**

- અમદાવાદ ખાતે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત અને એથ્લેટીક્સ ફેડરેશન ઓફ ઇન્ડિયાના સંયુક્ત ઉપક્રમે તા.૧૬ થી ૧૮ ફેબ્રુઆરી દરમ્યાન ગુજરાત યુનિવર્સીટી ખાતે એથ્લેટીક્સ રમતની સૌથી મોટી સ્પર્ધા ૧૯મી નેશનલ ઈન્ટર ડીસ્ટ્રીક્ટ જુનિયર એથ્લેટિક્સ મીટ (NIDJAM) નું આયોજન કરવામાં આવેલ હતું.
- નેશનલ ઈન્ટર ડીસ્ટ્રીક્ટ જુનિયર એથ્લેટિક્સ મીટ (NIDJAM) એ એથ્લેટીક્સ રમત માટેનો રાષ્ટ્રીય કક્ષાએ ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન માટેનો ગ્રાસરૂટ પ્રોગ્રામ છે.

**નેશનલ ઈન્ટર ડીસ્ટ્રીક જુનીયર એથ્લેટીક્સ મીટની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેલાડીઓની સંખ્યા | ૫૫૦૦ થી વધારે |
| ૨ | ભારતમાંથી ભાગ લેવા આવેલ જિલ્લાઓની સંખ્યા | ૬૧૬ થી વધારે |
| ૩ | કોચ અને મેનેજરની સંખ્યા | ૧૧૦૦ થી વધારે |
| ૪ | ટેકનીકલ ઓફિસિયલ્સની સંખ્યા | ૩૦૦ |
| ૫ | ટેલેન્ટ આઈડેન્ટીફીકેશનના નિષ્ણાતોની સંખ્યા | ૩૦ |
| ૬ | અધિકારીઓ અને કર્મચારીઓ | ૬૫૦ થી વધારે |
| ૭ | ગુજરાતના ખેલાડીઓ ની સંખ્યા | ભાઈઓ ૧૮૦થી વધારે<br>બહેનો ૨૦૦ થી વધારે<br>કુલ ૩૮૦ થી વધારે |
| ૮ | ગુજરાતના ખેલાડીઓને મેડલ | ૩ ગોલ્ડ<br>૧ સિલ્વર<br>૩ બ્રોન્ઝ<br>કુલ ૭ મેડલ<br>(ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવનાર તમામ ખેલાડીઓને રાજ્ય સરકારની એકેડમી અને ડી.એલ.એસ.એસ. શાળામાં તાલીમ લઈ રહ્યા છે.) |

માન.અધ્યક્ષશ્રી,

આમ ગુજરાતનો એક સ્પોર્ટીંગ હબ તરીકે વિકાસ થાય તે માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યકક્ષાના એસોસીએશન દ્વારા રાષ્ટ્રક્ષાના એસોસીએશન સાથે મળીને વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મેગા કમ્પેટીશન/ટ્રૂર્નામેંટના આયોજન માટે

- ઓલમ્પિક્સ રેડીનેસ પ્રોગ્રામ તથા નેશનલ અને ઈન્ટરનેશનલ મેગા સ્પોર્ટીંગ કોમ્પીટીશનનું આયોજન અને સંચાલન.
- તથા આવી નેશનલ અને ઈન્ટરનેશનલ સ્પર્ધાઓ માટે ગુજરાતના ખેલાડીઓને તૈયાર કરવા માટે લોન્ગ ટર્મ એથ્લેટીક્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ શરૂ કરવાના આયોજન માટે આગામી વર્ષમાં રૂ.૧૦.૦૦ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

ગુજરાતના યુવાનોમાં રહેલી પ્રતિભાને ઓળખી આ પ્રતિભા પાંગરે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગુજરાતના છેવાડાના ગામમાં રહેલી પ્રતિભાને ઓળખી તેને પારંગત કરવાના હેતુથી આ વર્ષે આ વિભાગ દ્વારા રાજ્ય સરકાર દ્વારા **લોર્ગ ટર્મ એથ્લેટીકસ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ** શરૂ કરવામાં આવનાર છે. જેમાં ખેલાડીઓમાં રહેલી પ્રતિભાને શોધવા માટે ખેલાડીની સ્ટ્રેન્થ, સ્પીડ, એજીલીટી અને કો ઓર્ડીનેશનના વૈજ્ઞાનિક પદ્ધતિથી ટેસ્ટ લેવામાં આવશે. આમ, રમતગમતના ક્ષેત્રે ગુજરાત દુનિયા સાથે કદમથી કદમ મિલાવીને ચાલી રહ્યું છે.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ એ પ્રાચીન યોગને વિશ્વ ફલક પર પહોંચાડ્યો છે ત્યારે '**યોગમય ગુજરાત'ના** મંત્રને લઇ યોગ એ ગુજરાતના નાગરિકો માટે સ્વસ્થ અને સુખમય ગુજરાતનું માધ્યમ બને તે માટે અમે કાર્ય કરી રહ્યા છીએ. આ વર્ષે સુરત અને મોઢેરા ખાતે બે ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરી યોગને જન-જન સુધી પહોચાડવાનું ભવ્ય દિવ્ય કાર્ય થયું છે. ગુજરાત રાજયના યુવાનો યોગ તરફ પ્રેરાય તેવા આયોજનોને પ્રોત્સાહન આપવા રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં ૭૫૦ થી વધુ યોગ કોચ અને એક લાખથી વધુ યોગ ટ્રેનરો તૈયાર થયેલ છે. રાજ્યમાં ૨૦૦૦ થી વધુ નિ:શુલ્ક યોગ વર્ગો કાર્યરત છે અને સમગ્ર ગુજરાતમાં યોગનો વાતાવરણ ઉભુ કરવામાં આવેલ છે.

## વર્લ્ડ રેકોર્ડ-૧

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૩ ની સુરત ખાતેની રાજય કક્ષાની ઉજવણીમાં એક સાથે ૧.૫૩ લાખ લોકોએ યોગ કરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવેલ છે.

## વર્લ્ડ રેકોર્ડ-૨

મોઢેરા ખાતે સામૂહિક સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજવામાં આવેલ, આ સાથે જ ગુજરાતના ૧૦૮ સ્થળોએ સામુહિક સૂર્યનમસ્કાર યોજીને ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવેલ છે.

## <u>ટાર્ગેટ:</u>

- રાજ્યમાં યોગની પ્રવૃત્તિને વધુ વેગ આપવા માટે રાજયના તમામ જિલ્લા મથકે યોગ સ્ટુડિયો ઉભા કરવા અને નિભાવવા તથા પ્રાઈવેટ યોગ સ્ટુડિયોને પ્રોત્સાહન આપવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેમાં શહેરી વિસ્તારમાં ૨૬ યોગ સ્ટુડીયો અને જિલ્લા વિસ્તારમાં ૨૫ યોગ સ્ટુડીયો બનાવવામાં આવનાર છે. આ માટે રૂ.૫.૧૦ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

# **પુરાતત્વ અને સંગ્રહાલય**

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતનો સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસો નવી પેઢી જાણે અને માણે તે માટે રાજ્ય સરકાર દ્વારા અનેક સંગ્રહાલયોનું નિર્માણ અને સંવર્ધન કરવામાં આવ્યું છે. સ્વતંત્ર ભારતમાં પોતાના રજવાડાને ભેળવીને રાષ્ટ્રયજ્ઞમાં આહૂતિ આપનાર એ ઐતિહાસિક રજવાડાઓનું સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આધુનિક મ્યુઝિયમ **"મ્યુઝીયમ ઓફ રોયલ કિંગડમ"ના** નિર્માણની કામગીરી પ્રગતિમાં છે. સાથોસાથ રાજ્ય સરકાર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ગુજરાતની સ્થાપનાથી ગુજરાતના વિકાસમાં યોગદાન આપનાર મહાનુભાવોના પ્રદાનને બિરદાવવા, ગુજરાતની અસ્મિતાની ઝાંખી કરાવતા ભવ્ય અને અત્યાધુનિક **'ગુજરાત વંદના મ્યુઝિયમ'** તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ બંન્ને સંગ્રહાલયોની સાથોસાથ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે નવા **વીર બાલક ઉધાન** બનાવવાનું આયોજન આગામી વર્ષથી હાથ ધરવામાં આવનાર છે. **જેના માટે રૂ.૧૦.૦૦ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

આપણા પુરાતાત્વિક વારસાને સંઘરીને બેઠેલ વડનગરનો વારસો વિશ્વફલક સુધી પહોચે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ કલ્ચર અને ગુજરાત સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરનું સંગ્રહાલય વડનગરમાં બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. પૌરાણીક સમયમાં વડનગર કલા અને સંગીતનું અદ્દભુત કેન્દ્ર હતું  વડનગરની સંગીતબેલડી તાના-રીરીનું નામ સંગીતના ક્ષેત્રમાં તેઓના

યોગદાન ઉજાગર કરતા સંગીતના ઈતિહાસને દર્શાવતું એક આધુનિક સંગ્રહાલય **"તાના-રીરી મ્યુઝિયમ ઓફ મ્યુઝિક"**ની કામગીરી પણ વડનગર ખાતે પ્રગતિ હેઠળ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

"મ્યુઝીયમ ઓફ ગુજરાત" નામની ઓડિયો ગાઈડ મોબાઈલ એપલીકેશન વિકાસવામાં આવી. જેનું અનાવરણ માનનીય મંત્રીશ્રી, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત રાજ્ય દ્વારા કરવામાં આવ્યુ. જેના માધ્યમથી સંગ્રહાલયોની માહિતી એપના માધ્યમથી મેળવી શકાય છે. હાલમાં બરોડા મ્યુઝિયમ અને પિક્ચર ગેલેરી, વડોદરા ની માહિતી એપલીકેશન ઉપર ઉપ્લબ્ધ છે. અન્ય સંગ્રહાલયો કન્ટેન્ટ/માહિતી એપ ઉપર ઉપ્લબ્ધ કરાવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

પૌરાણિક વડનગરના ઈતિહાસ અને અન્ય સબંધિત વિષયો ઉપર સંશોધન કરવા માટે દેશની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સાથે M.O.U કરવામાં આવેલ છે. જે સંશોધન અહેવાલ ટૂંક સમયમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.

ગુજરાત રાજ્યમાં અનેકો સૂર્ય મંદિરો આવેલા છે. આ પૌરાણિક સૂર્ય મંદિરોના જીર્ણોદ્ધાર અને પારંપારિક સૂર્ય ઉપાસના સંબધિત વિષયો ઉપર તબક્કા વાર કોન્ફરન્સનું આયોજન કરવા માટે નક્કી કરવામાં આવેલ હતું. જેના ભાગ-૧ અને ભાગ-૨ નુ સફળતા પૂર્વક આયોજન કરવામાં આવેલ છે. જેમાં દેશ-વિદેશના વિવિધ સ્કોલરો દ્વારા પેપર-પ્રેઝન્ટેશન રજૂ કરેલ હતું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતના નાગરોનું સંપૂર્ણ વિશ્વમાં વિભિન્નક્ષેત્રોમાં અભૂતપૂર્વ યોગદાન આપવામાં આવેલ છે. જેને ધ્યાને લઈ નાગર સંમેલ્લન નુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમા નાગર સમાજના અગ્રણીઓને આમંત્રિત કરવામાં આવેલ હતા. દેશની વિકાસની યશગાથામાં આપેલ યોગદાન પર સંવાદ કરવામાં આવ્યો હતો.

વડનગર પ્રાચીન નગરોમાં વિશેષ સ્થાન ધરાવે છે. હાલમાં થયેલ ઉત્ખનનથી સિધ્ધ થયેલ છે કે વડનગરની સંસ્કૃતિ ૨૫૦૦ વર્ષોથી પણ જૂની છે. ઉત્ખનનમાં મળેલ લગભગ ૬૦,૦૦૦ નમૂનાઓ વડનગરની પ્રાચીન સંસ્કૃતિની ગાથાઓનું પ્રમાણ છે. જેને જનમાનસ સમક્ષ પ્રસ્તૃત કરતું **"વડનગર આર્કયોલોજીકલ એક્સ્પીરીયન્સલ મ્યુઝિયમ"** બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

**ટાર્ગેટ:**

- દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં ભગવાન શ્રી કૃષ્ણનું સંપૂર્ણ જીવન ચરિત્ર દર્શાવતું આધુનિક સંગ્રહાલય બનાવવાની કામગીરી દ્વારકા ખાતે હાલ પ્રગતિ હેઠળ છે જેની આ વર્ષે કામગીરી પૂર્ણ કરવામાં આવશે. ઝવેરચંદ મેઘાણીના જીવન-કવન પર આધારિત પુસ્તકાલય અને સંગ્રહાલય તૈયાર કરવાની કામગીરી પણ હાલ પ્રગતિમાં છે.
- સુરેન્દ્રનગર જિલ્લાનાં ચોટીલા ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી જીવન આધારીત સંગ્રહાલય તૈયાર કરવા માટે ખાતમૂર્હત માનનીય મુખ્ય મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા કરવામાં આવ્યુ. સંગ્રહાલય બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

# ગ્રંથાલય

**માનનીય અધ્યક્ષશ્રી,**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘વાંચે ગુજરાત’ના સંકલ્પને લઇ રાજ્યના છેવાડાના વિસ્તારના પ્રજાજનોને પણ વિનામૂલ્યે શિષ્ટ વાંચન સાહિત્યની સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકાર કટિબદ્ધ છે. રાજ્ય સરકારે આ માટે ગ્રંથાલયોની આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હાલમાં ૩૦૦ જેટલા સરકારી ગ્રંથાલયો અને ૩૫૦૦ થી વધુ અનુદાનીત ગ્રંથાલયો રાજ્યમાં કાર્યરત છે. આ વર્ષે ભારત સરકારશ્રીના “Scheme for Special Assistant to State for Capital Investment”ની યોજના હેઠળ રાજ્યમાં ૩૦૦૦ જેટલા ગ્રંથાલયોમાં ઇ-લાયબ્રેરી સુવિધા ઉપલબ્ધ બનાવવાનું આયોજન કરાયેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

**વર્ષ દરમિયાન કરવામાં પ્રજાજનોના લાભાર્થે યોજાયેલ કાર્યક્રમો:-**

- રાધનપુર, જિ. બનાસકાંઠા અને થરાદ, જિ. બનાસકાંઠા ખાતે સરકારી તાલુકા પુસ્તકાલયની સેવાઓનું લોકાર્પણ.
- ગાંધીનગર ખાતે ગાંધીનગર મહાનગર પાલિકાના સહયોગથી રૂ. ૨૦ કરોડના ખર્ચથી સરકારી જિલ્લા ગ્રંથાલય ગાંધીનગરના નવીન ભવનનું નિર્માણ કાર્ય હાથ ધરાયું.

- રાજ્યના ભરૂચ, જામનગર, વ્યારા, આણંદ અને વડોદરા ખાતેના જિલ્લા કક્ષાના સરકારી ગ્રંથાલયોને રૂ. ૫ કરોડના ખર્ચથી સ્માર્ટ લાયબ્રેરી તરીકે વિકસિત કર્યા.
- રાજ્યના બોટાદ, લુણાવાડા, મોડાસા, જામખંભાળીયા, રાજપીપળા, આહવા ખાતે જિલ્લા કક્ષાના ગ્રંથાલય ભવનોની કામગીરી હાથ ધરાઇ ઉપરાંત રાજ્યના ભિલોડા, કોસંબા, પ્રાંતિજ, દેવગઢબારીયા, વઘઇ, દેડીયાપાડા, ઉમરપાડા ખાતે સરકારી તાલુકા ગ્રંથાલયોના નવિન ભવનોનું નિર્માણની કામગીરી હાથ ધરાઇ.
- રાજ્યના ૨૦૦૦ જેટલા સાર્વજનિક ગ્રંથાલયોને રૂ. ૨ કરોડના ખર્ચથી શિષ્ટ સાહિત્યના પુસ્તકો ઉપલબ્ધ બનાવવામાં આવ્યા.
- રાજ્ય સરકારશ્રી દ્વારા સાર્વજનિક અનુદાનીત ગ્રંથાલયોને ૨૫% લોકફાળામાંથી મુક્તિ આપી. અનુદાનમાં ૧૦૦% નો વધારો કરવામાં આવ્યો.

**ટાર્ગેટ:**

- રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યમાં રૂ. ૧૭ કરોડના ખર્ચથી ૬૪ તાલુકા મથકોએ નવા સરકારી તાલુકા ગ્રંથાલયોની સેવાઓ શરૂ કરવાનું આયોજન છે.
- રાજ્ય સરકારશ્રી દ્વારા રૂ. ૩ કરોડના ખર્ચથી ભાવનગર, ભુજ અને અમરેલીના જિલ્લા કક્ષાના ગ્રંથાલયોને સ્માર્ટ ગ્રંથાલયો તરીકે વિકસાવવાનું આયોજન છે.

# અભિલેખાગાર

## પ્રસ્તાવના:

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્યના રજવાડા સમયના રેકર્ડ તથા રાજ્યની સરકારી કચેરીઓના અગત્ય કાયમી રેકર્ડને વૈજ્ઞાનિક ધોરણે સાચવવા, જાળવવા તથા કેન્દ્રિયકૃત કરવાની અગત્યની કામગીરી અભિલેખાગાર નિયામકશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે. આવા અતિ મહ્ત્વ અને અગત્યતા ધરાવતા રેકર્ડનું રાજ્ય સરકાર દ્વારા ડિજીટાઇઝેશન કરવાની અગત્યની કામગીરી કરવામાં આવી રહેલ છે. અભિલેખાગાર કચેરી દ્વારા રાજ્યના અગત્યના સંરક્ષિત દસ્તાવેજોના ડીજીટલ સ્વરૂપે લોકો સુધી પહોચાડવા માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે ૫૦,૦૦૦ ફાઇલોને વેબ પોર્ટલ પર અપલોડ કરવાની કામગીરી પૂર્ણ થવાના આરે છે. ગુજરાત રાજ્યનાં અત્યંત સમૃદ્ધ દસ્તાવેજી વારસોને ડીજીટાઇઝ કરી કાયમ માટે સાચવી લેવાની રાજ્ય સરકારની નેમ સાથે આ દિશામાં ગુજરાત સરકારની અભિલેખાગારની કચેરી દ્વારા સાત કરોડ વીસ લાખ પાનાને ડીજીટાઇઝ કરવામાં આવ્યા છે.

## ટાર્ગેટ:

- આવનાર સમયમાં ૧૦૦ ટકા દસ્તાવેજોને ડીજીટાઇઝ કરનાર અને નાગરિકોને ઓનલાઈન દસ્તાવેજો પુરા પાડનાર ગુજરાત પ્રથમ રાજ્ય બનશે.

# યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાત રાજયના યુવક અને યુવતીઓ સાહિત્ય, કલા અને સાંસ્કૃત્તિક ક્ષેત્રે પોતાની મૌલિક કૃતિઓ ઉત્કૃષ્ટ રીતે રજુ કરી શકે તે માટે તાલુકા, જિલ્લા, પ્રદેશ, રાજયએ **યુવા ઉત્સવનું** આયોજન કરવામાં આવે છે.વર્ષ-૨૦૨૩-૨૪માં સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક એમ ત્રણ વિભાગમાં કુલ 33 પ્રવૃતિઓમાં સ્પર્ધા કરવામાં આવેલ હતી. જેમાં તાલુકાકક્ષાની સ્પર્ધામાં **૪૮,૧૩૧** યુવાઓએ ભાગ લીધો હતો. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં **૧૪,૯૦૬** યુવાઓએ ભાગ લીધો હતો. પ્રદેશકક્ષાની સ્પર્ધામાં ૨૫૨૩ યુવાઓએ ભાગ લીધો હતો. જ્યારે રાજ્યકક્ષાની સ્પર્ધામાં **૮૫૦** યુવાઓએ ભાગ લીધો હતો. રાજ્યકક્ષાની સ્પર્ધામાં કુલ ૧૨૨ વિજેતા થયા હતા.આમ, તાલુકા , જિલ્લા , પ્રદેશ અને રાજ્યકક્ષા સુધીમાં કુલ ૬૬,૪૧૦ યુવાઓએ ભાગ લીધેલ હતો.ચાલુ નાણાકિય વર્ષ-૨૦૨૩-૨૪માં નાશિક, મહારાષ્ટ્ર ખાતે ૨૭માં રાષ્ટ્રીય યુવા ઉત્સવનું આયોજન થનાર છે.૨૭માં રાષ્ટ્રીય યુવા ઉત્સવ કાર્યક્રમમાં તાલુકા, જિલ્લા, પ્રદેશ, અને રાજ્યકક્ષાના વિજેતા થયેલ સ્પર્ધકોમાંથી  કુલ-૫૫ જેટલા સ્પર્ધકો ભાગ લેનાર છે. રાજ્ય સરકારશ્રી દ્વારા તાલુકા, જિલ્લા, પ્રદેશ, અને રાજ્યકક્ષાના યુવા ઉત્સવના આયોજન માટે કુલ ૬૭.00 લાખનો કર્ચ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત સરકાર દ્વારા રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગમાં "માઉન્ટ એવરેસ્ટ તથા વિશ્વના દુર્ગમ પહાડો સર કરનારને સહાય બાબત"ની યોજના

અમલમાં છે. સદર યોજનામાં ગુજરાતના વતની એવા સાહસવીરો દ્વારા માઉન્ટ એવરેસ્ટ તથા વિશ્વના દુર્ગમ પહાડો સર કરવા માટે નિયમોને આધીન આર્થિક સહાય આપવામાં આવે છે. વડોદરાના સુશ્રી નિશાકુમારીને સદર યોજના અંતર્ગત રૂ.૧૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંદર લાખ પુરા)ની આર્થિક સહાય RTGS દ્વારા ચૂકવેલ છે.

## ઉજવણીઓ

**માનનીય અધ્યક્ષશ્રી,**

- **નવરાત્રિ શક્તિ પર્વ – ૨૦૨૩ :**

આ વર્ષે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા જાણીતા અને ધાર્મિક મહત્વ ધરાવતા અલગ ૧૧ સ્થળે નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં અમદાવાદ, ઉંઝા, નવસારી, કચ્છ, ભાવનગર, અંબાજી, ચોટીલા, દેવભૂમિ દ્વારકા અને મહેસાણામાં ત્રણ જગ્યા મળી કુલ-૧૧ શક્તિ સ્થળો ખાતે ગુજરાતના જાણીતા કલાકારો દ્વારા માતાજીના લાઈવ ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

- **૭૭મો સ્વાતંત્ર્ય દિનની રાજ્યકક્ષાની ઉજવણી:**

વલસાડ ખાતે માન. મુખ્યમંત્રીશ્રી અને રાજ્યપાલશ્રીની ઉપસ્થિતમાં કરવામાં આવેલ. આ દિવસની પૂર્વ સંધ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં વલસાડ ઐતિહાસિક ધરોહર થીમ પર ૨૫૦ કલાકારો સાથે મુખ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ 'ધન્ય ધરા વલસાડી' મલ્ટીમિડીયા કાર્યક્રમ રજૂ કર્યો હતો.

- **G-20 નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ:**

ગુજરાતમાં અત્યાર સુધીમાં વિવિધ ૧૭ મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન, મહેમાનોનું સ્વાગત, ડીનર સમયે હળવું ક્લાસીકલ સંગીત વગેરેના આયોજન થયા જે થકી ગુજરાતની સંસ્કૃતિની ઝાંખી રજુ કરવામાં આવી.

- **સૌરાષ્ટ્ર તમિલ સંગમમ:**

ગુજરાત સરકાર દ્વારા 17 થી 29 એપ્રિલ 2023 દરમિયાન ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના સહયોગથી સૌરાષ્ટ્ર તમિલ સંગમમનું આયોજન કરવામાં આવ્યું હતું.સૌરાષ્ટ્ર અને તમિલનાડુના પ્રદેશો વચ્ચે સાંસ્કૃતિક જોડાણ વધારવાના ઉદ્દેશ્ય સાથે તેનું આયોજન કરવામાં આવ્યું હતું. 29મી એપ્રિલ 2023ના રોજ આ કાર્યક્રમ સત્તાવાર રીતે સમાપ્ત થયો હોવાથી, તે ખરેખર કળા અને હસ્તકલા, સંસ્કૃતિ, ભોજન અને રમતગમતનું જીવંત પ્રદર્શન હતું.17મી એપ્રિલ 2023 થી શરૂ થતા દરરોજ આશરે 300 જેટલા પ્રતિનિધિઓએ 10 બેચમાં મુલાકાત લીધી હતી. સોમનાથ, દેવભુમિ દ્વારકા અને કેવડિયા ખાતે વિવિધ ભવ્ય કાર્યક્રમો યોજાયા હતા.

## (ગુજરાત સાહિત્ય અકાદમી)

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત સાહિત્ય અકાદમી એ ભારતીય ભાષાઓમાં સાહિત્ય ક્ષેત્રે કાર્યરત છે. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આગામી વર્ષે સિંધુ સાંસ્કૃતિક કેન્દ્રના નિર્માણ માટે વિશેષ બજેટ જોગવાઈ કરવામાં આવી છે. આ સિંધુ સાંસ્કૃતિક કેન્દ્રમાં ગ્રંથાલય, સંશોધન કેન્દ્રની સાથે સિંધુ સંસ્કૃતિ, સિંધી ભાષા અને ઇતિહાસને લગતું પ્રદર્શન તૈયાર કરવામાં આવશે. આ વર્ષે અકાદમી દ્વારા અમૃત કાળને ધ્યાને લઈ રાજ્યના સાહિત્યકારોને **અમૃત ગઝલ પારિતોષિક** આપવા માટે પણ પ્રાવધાન કરવામાં આવ્યું છે. આ માટે રૂ.૧.૪૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. તાજેતરમાં જ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમીના ભવન 'ઝવેરચંદ મેઘાણી' ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

## સમાપન:

રાજ્ય સરકારની સર્વસમાવેશી અને સર્વગ્રાહી નીતિથી આજનો યુવાન વધુને વધુ કોન્ફિડેંટ બન્યો છે. પછી એ રમતનું ક્ષેત્ર હોય; કે પછી સંગીત હોય, નૃત્ય હોય કે અન્ય કોઈ પણ કળા હોય. આપણા રાષ્ટ્રીય શાયર કવિ મેઘાણીજીએ કહ્યું છે;

**ઘટમાં ઘોડા થનગને યૌવન વીંઝે પાંખ,**

**અણદીઠેલી ભોમમાં યૌવન માંડે આંખ..**

આજે સમગ્ર વિશ્વમાં જ્યાં દેશો વૃદ્ધ થઈ રહ્યા છે, ત્યારે ભારત યુવાની તરફ ઊર્જાવાન થઈને આગળ વધી રહ્યું છે. આજે 30 વર્ષથી ઓછી વયની વસ્તી વિશ્વમાં ક્યાંય પણ સૌથી વધુ છે, તો તે આ આપણી ભારત માતાના ખોળામાં છે, આપણા દેશમાં છે. રિફોર્મ, પર્ફોર્મ, ટ્રાન્સફોર્મનો આ કાળખંડ હવે ભારતનાં ભવિષ્યને ઘડી રહ્યો છે. ભારત જયારે અમૃતકાળમાં પ્રવેશ્યું છે ત્યારે મને કહેતા ગૌરવ થાય છે કે આ યુવાનોના માધ્યમથી આપણું વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થઇ શકશે.

**ધન્યવાદ ....**

**જય હિંદ, જય જય ગરવી ગુજરાત......**